| PUBLICATION NAME : | Jay Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/12/2024 |
| PAGE : | 02 |

# EDII માં 'મરીન એગ્રી-એન્ટ્રપ્રિન્યોરશિપ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ'પર વૈશ્વિક કાર્યક્રમ શુરુ

અમદાવાદ, : એન્ટ્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઑફ ઈન્ડિયા **(EDII)** એ મરીન એગ્રી-બ્એન્ટ્રપ્રિન્યોરશિપ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ પર ૫મી ડિસેમ્બરથી આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શુરુ કર્યો. આ કાર્યક્રમને **ITE** (ભારતીય તકનિકી અને આર્થિક સહકાર) વિદેશ મંત્રાલયનો વિભાગ, ભારત સરકાર દ્વારા સહયોગ મળ્યો છે જે ૧૭મી ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. આ પ્રોગ્રામમાં **14 ITEC** ભાગીદાર દેશોથી ૨૩ પ્રતિભાગીઓ એકઠા થયા, જે દરિયાઈ કૃષિ અને પુરવઠા શૃંખલાના સંચાલનમાં તકઓ અને પડકારોનો અભ્યાસ કરશે. બાંગલાદેશ, કોટ ડિ આવોયર, ઈક્વાડોર, એથિઓપિયા, ઘાના,



કેન્યા, મૌરિશસ, નાઈજીરિયા, પાપુઆ ન્યૂ ગિનીયા, શ્રીલંકા, તાજિકિસ્તાન, યૂગાંડા, ઝિમ્બાબ્વે થી પ્રતિનિધિ શામેલ થયા છે.

ડૉ. સુનિલ શુક્લા, ડાયરેક્ટર જનરલ, **EDII,** એ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો શિક્ષણને ઉત્તેજન આપી રહ્યા છે અને 'વસુધૈવ કુટુંબકમ' – સમગ્ર વિશ્વ એક પરિવાર છે તે ધારણાને મજબૂત કરી રહ્યા છે. તેમણે કહ્યું, ''ઉદ્યોગ સાહસ બે પરિબળો પર આધારિત છે - નાણાકીય મૂડી અને સામાજિક મૂડી જેમાં મુખ્યત્વે માનવ સંસાધન વિકાસ અને ઉદ્યોગસાહસિકતાના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ સામેલ છે. **EDII** સામાજિક મૂડી, જ્ઞાન અને કૌશલ્ય વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે જે મૂડી, બજારો અને નેટવર્ક જેવી અન્ય ઉદ્યોગસાહસિક જરૂરિયાતો સુધી પોહચવામાં મદદ કરે છે.''